1. **Concepts under Companies Act, 13:**

• Section 2(41) નાણાંકીય વર્ષ

Section 2(50) બહાર પાડેલી મૂડી

• Section 2 (64) વસૂલ થયેલી મૂડી

• Section 2 (62)એક વ્યકિતની કંપની

• Section 2(68) ખાનગી કંપની

Section 2 (71) જાહેર કંપની

1. **Section 2(41)** નાણાંકીય વર્ષ**:**

અમલમાં આવેલ તારીખ: 1/04/2014

અર્થ: કંપનીધારા, ૨૦૧૩ની કલમ ૨(૪૧) હેઠળ નાણાંકીય વર્ષની વ્યાખ્યા નીચે મુજબ:

"કોઈ કંપની અથવા કોર્પોરેટ સંસ્થાના સંબંધમાં નાણાકીય વર્ષ એટલે દરેક વર્ષના 31મી માર્ચના રોજ પૂરો થતો સમય અને જેની સ્થાપના વર્ષની ૧લી જાન્યુઆરીના રોજ કે તે પછીય હોય ત્યારે જે આગામી વર્ષના સંબંધમાં કંપની અથવા કોર્પોરેટ સંસ્થાનું નાણાકીય પત્રક બના વાયેલ હોય તે વર્ષના ૩૧મી માર્ચના રોજ પૂરો થતો સમય."

નાણાકીય વર્ષ અંગેની કેટલીક નોંધપાત્ર બાબતો નીચે મુજબ છે :

(૧) કંપનીધારો, ૨૦૧૩ની "નાણાકીય વર્ષ" અંગેની કલમ ૨(૪૧) તા. ૧લી એપ્રિલ , ૨૦૧૪થી અમલમાં આવી છે.

(૨) કંપની એ એક કૃત્રિમ વ્યક્તિ (Artificial Person) છે, જે ખૂબ લાંબા સમય સુધી અસ્તિત્વમાં રહે છે. આ સંદર્ભમાં, કંપનીની કામગીરીના મૂલ્યાંકન માટે તથા કંપનીનો વિકાસનો ઉદ્દેશ સિદ્ધ કરવા માટે કંપનીના આયુષ્યને ૧૨ માસના સમયગાળાને આવરી લેતા હિસાબી વર્ષ તરીકે વિભાજિત કરવામાં આવે છે. આવા ૧૨ માસને આવરી લેતાં કેટલાંક હિસાબી વર્ષો નીચે પ્રમાણે છે:

(i) કેલેન્ડર વર્ષ -૧લી જાન્યુઆરીથી ૩૧મી ડિસેમ્બર.

(ii) નાણાકીય વર્ષ (અથવા સરકારી વર્ષ) ૧લી એપ્રિલથી પછીના વર્ષની ૩૧મી માર્ચ.

(iii) કૃષિ વર્ષ – ૧લી જુલાઈથી પછીના વર્ષની ૩૦મી જૂન.

(iv) વર્ષ - કારતક સુદ એકમથી આસો વદ અમાસ સુધી.

આ કલમની વ્યાખ્યાના સંદર્ભમાં નાણાકીય વર્ષ એટલે ૧લી એપ્રિલથી પછીની ૩૧મી માર્ચ સધીનો ૧૨ માસનો સમયગાળો.

(૩) કંપનીધારો, ૨૦૧૩ની જોગવાઈ હેઠળ વેપારી પેઢી પોતાને યોગ્ય હોય તેવા "હિસાબી વર્ષ"ને પસંદ કરી શકે છે , પરંતુ આવરી લીધેલ ગાળો ૧૨ માસ જેટલો હોવો જોઈએ , તેથી વધુ અથવા ઓછો સમયગાળો હોઈ શકે નહિ. પરંતુ નવી સ્થપાયેલી કંપનીઓ માટે આ સમયગાળો ૧૨ માસથી વધુ અથવા ઓછો સમયગાળો હોઈ શકે છે.

1. એક કંપની તા.૧-૦૧-૨૦૨૩ના રોજ શરુ થઈ , તો નીચે પૈકી-------- નાણાંકીય વર્ષ ગણાય.

1) 31/03/2024
2) 31/12/2024
3) 31/03/2025

2. કંપનીનું નાણાંકીય વર્ષ પૂર્ણ થાય ------------

1) 31/03/202---
2) 31/12/202---
3) 31/06/202---

2. કલમ **2 (50) બહાર પાડેલી મૂડી:** અમલમાં આવેલ તારીખ **-12/09/2013**

અર્થ: બહાર પાડેલી શેરમૂડી એટલે કંપની દ્રારા વખતોવખત ભરણા માટે બહાર પાડવામાં આવેલ શેરમૂડી.

દાખલા તરીકે: ૨૫,૦૦૦ ઈક્વિટી શેર પૈકી ૧૦,૦૦૦ ઈક્વિટી શેર દરેક રૂ.૧૦નો બહાર પાડેલ છે. બહાર પાડેલી શેરમૂડી રૂ.૧,૦૦,૦૦૦.

નોંધ: બહાર પાડેલી શેરમૂડી દાર્શનિક કિંમતે નોંધવામાં આવે છે. ઉપરના દાખલામાં રૂ.૧૦ દાર્શનિક કિંમત કહેવાય.

બહાર પાડેલી મૂડીમાં નીચેની બાબતોથી વધારો થાય છે:

1. પબ્લિક ઈસ્યુ
2. હક્કના શેરો : વર્તમાન શેરહોલ્ડરોને પ્રથમ ઓફર કરવામાં આવે છે.
3. બોનસ શેર : એક પ્રકારનું ડીવીડન્ડ છે, જે શેરહોલ્ડરોને આપવામાં આવે છે.
4. ESOP (Employees Stock Option Plan) & સ્વેટ ઈક્વિટી શેર
5. રોકડના અવેજ સિવાય ઈસ્યુ કરેલા ઈક્વિટી શેરો

બહાર પાડેલી મૂડીમાં નીચેની બાબતોથી ઘટાડો થાય છે:

1. મૂડી ઘટાડા યોજના હેઠળ શેરમૂડીમાં ઘટાડો
2. શેરની પુન:ખરીદી (બાય-બેક ઓફ શેર્સ)
3. **કલમ (64) વસૂલ આવેલી શેરમૂડી : અમલમાં આવેલ તારીખ -12/09/2013**

અર્થ: 'વસૂલ થયેલી શેરમૂડી' એટલે વસૂલ થયેલ જમા રકમની એવી સરેરાશ કે જે બહાર પાડેલ શેરના સંબંધમાં વસૂલ થયેલી રકમ તરીકે મળેલ રકમ બરાબર હોય અને તેમાં કંપનીના શેરો સંબંધમાં વસૂલ થયેલ જમા થયેલ કોઈ પણ રકમનો સમાવેશ થાય છે, પરંતુ તેમાં આવા શેરોના સંબંધમાં મળેલ અન્ય કોઈ રકમનો સમાવેશ થતો નથી.

દા.ત. : શૅરની દાર્શનિક કિંમતની જે રકમ કંપની મંગાવે તે ચૂકવવાની શૅરહોલ્ડરની ફરજ છે.

૫૦,૦૦૦ શૅરોની ભરપાઈ થયેલી મૂડી ઉપર રૂ. ૮ મંગા  યા છે. આ પૈકી ૧૦ ,૦૦૦ શેરો ઉપર રૂ. ૩નો પ્રથમ હપતો ન મળ્યો નથી. આ રકમને 'બાકી હપતા' (Calls-in-arrears) કહેવામાં આવે છે.

મંગાવેલી શૅરમૂડી= રૂ. ૪,૦૦,૦૦૦

બાકી હપ્તાની રકમ = રૂ. ૩૦,૦૦૦ (એટલે કે ૧૦,૦૦૦ શૅર X રૂ. ૩ પ્રથમ હપતો)

વસૂલ થયેલ મૂડી = કુલ મંગાવેલ મૂડી - બાકી હપતા = ૪,૦૦,૦૦૦-૩૦,૦૦૦ =૩,૭૦,૦૦૦

નોંધ: કંપનીના પાકા સરવૈયામાં વસૂલ થયેલ શૅરમૂડી એ શૅરમૂડી પેટે શૅરહોલ્ડરોએ કંપનીને ચૂકવેલ રકમ દર્શાવે છે.

બહાર પાડેલી મૂડીમાં નીચેની બાબતોથી વધારો થાય છે:

6. પબ્લિક ઈસ્યુ
7. હક્કના શેરો : વર્તમાન શેરહોલ્ડરોને પ્રથમ ઓફર કરવામાં આવે છે.
8. બોનસ શેર : એક પ્રકારનું ડીવીડન્ડ છે, જે શેરહોલ્ડરોને આપવામાં આવે છે.
9. ESOP (Employees Stock Option Plan) & સ્વેટ ઈક્વિટી શેર
10. રોકડના અવેજ સિવાય ઈસ્યુ કરેલા ઈક્વિટી શેરો

બહાર પાડેલી મૂડીમાં નીચેની બાબતોથી ઘટાડો થાય છે:

4. મૂડી ઘટાડા યોજના હેઠળ શેરમૂડીમાં ઘટાડો
5. શેરની પુન:ખરીદી (બાય-બેક ઓફ શેર્સ)

૪. **Section 2 (62):** એક વ્યક્તિની કંપની –અમલની તારીખ:૧/૦૪/૨૦૧૪

અર્થ : "એક વ્યક્તિની કંપની એટલે એવી કંપની કે જેમાં એક વ્યક્તિ સભાસદ હોય."

વિશેષતાઓ નીચે પ્રમાણે છે :

(૧) જૂનો કંપનીધારો, ૧૯૫૯માં આ પ્રકારની જોગવાઈ નહોતી.

(૨) ખાનગી કંપની: એક વ્યક્તિની કંપની ખાનગી કંપની જ ગણાય. તેથી ૨૦૧૩ના કંપનીધારાની જોગવાઈઓ ખાનગી કંપનીને લાગુ પડે છે તે જ જોગવાઈઓ એક વ્યક્તિની કંપનીને પણ લા ગુ પડે છે. પરંતુ, ૨૦૧૩ના કંપનીધારામાં એક વ્યક્તિની કંપનીને જ લાગુ પડતી જે જોગવાઈઓ તે OPC સિવાયની ખાનગી કંપનીઓને લાગુ પડતી નથી.

(૩) સભ્ય: માત્ર એક જ સભ્ય

(૪) નિયમો : એક વ્યક્તિની કંપની સરળતાથી પાલન કરી શકે તેવા નિયમો ઘડવાની કેન્દ્ર સરકા રને કંપનીધારામાં સત્તા આપવામાં આવેલ છે.

(૫) નોમીની: OPCના મેમોરેન્ડમ ઓફ એસોસિયેશનમાં એક વધારાની વ્યકિ તનું નામ દર્શાવવાનું રહેશે. હયાત વ્યક્તિના મૃત્યુ અથવા તેની કંપની ચલાવવાની અક્ષમ સ્થિતિમાં આ નામવાળી વ્યક્તિ , OPCનો હકક બનશે.

(i) કંપનીના મેમોરેન્ડમમાં તેના નામનો ઉલ્લેખ કરેલ હોવો જોઈએ.

(ii) આવી વ્યક્તિની આ રીતે કામ કરવાની લેખિત સંમતિ મેળવવી જોઈશે અને કંપની નોંધણી સમયે કંપની રજિસ્ટ્રાર પાસે તેને ફાઈલ કરાવવી પડશે.

(iii) આ નવા ધારાની જોગવાઈ પ્રમાણે આવો નોમિનેટેડ સભ્ય પાછળથી પોતાનો આવો દરજ્જો પાછો ખેંચી શકશે. આવી પરિસ્થિતિમાં બીજી અન્ય વ્યક્તિને નોમિનેટ કરવાનો રહે શે. આ પ્રકારના ફેરફારોની કંપની રજિસ્ટ્રાર સમક્ષ નોંધણી કરાવવી ફરજિયાત છે.

(iv) મેમોરેન્ડમ ઑફ ઍસોસિયેશનના આ પ્રકારના સુધારાને આ કાયદાની વ્યાખ્ય 'મેમોરેન્ડમ ઑફ ઍસોસિયેશનનો સુધારો' (Alteration of Memorandum of Association) ગણવામાં આવશે નહિ.

(૬) કંપનીના નામ નીચે કૌંસમાં ( ) '''એક વ્યક્તિની કંપની''' તેવું દર્શાવવાનું રહેશે.

(૭) એક વ્યક્તિની કંપનીમાં એક જ વ્યક્તિ સભાસદ હોય છે.

(૮) એક વ્યક્તિની કંપનીએ નાણાકીય પત્રકોના ભાગ તરીકે રોકડ પ્રવાહ પત્રક તૈયાર ક રવું જરૂરી નથી.

૬. ખાનગી કંપની (Private Company) [કલમ ૨ (૬૮)] :

કંપનીધારો, ૨૦૧૩ની કલમ ૨(૬૮) હેઠળ , 'ખાનગી કંપની'ની વ્યાખ્યા નીચે પ્રમાણે આપવામાં આવી છે:

"ખાનગી કંપની એટલે નક્કી કરવામાં આવેલ ભરપાઈ થયેલી શૅરમૂડી ધરાવતી કંપની અને જેના આર્ટિકલ્સથી''' –

(i) શેર ફેરબદલી ઉપર નિયંત્રણ હોય છે,

(ii) એક વ્યક્તિની કંપની સિવાય તેના સભ્યોની સંખ્યા ૨૦૦ સુધી મર્યાદિત હોય છે , પરંતુ એવી જોગવાઈ કરવામાં આવે છે કે જ્યારે બે કે તેથી વધુ વ્યક્તિઓએ કંપનીના એક કે વધારે શેરો સંયુક્ત રીતે ધારણ કરેલ હોય ત્યારે આ ક્લોઝના હેતુઓ માટે એક સભ્ય તરીકે ગણવામાં આવશે,

વધુમાં એવી જોગવાઈ કરવામાં આવે છે કે –

(અ) જે વ્યક્તિઓ કંપનીની નોકરીમાં હોય, અને

(બ) અગાઉ જે વ્યક્તિઓ કંપનીની નોકરીમાં રહેલ હોય અને નોકરી દરમિયાન કંપ નીના સભ્યો હોય અને નોકરી પૂર્ણ થયા બાદ સભ્યો તરીકે ચાલુ રહેલ હોય તેમને સભ્યોની સંખ્યામાં ગણવામાં આવશે નહિ, અને

(iii) જેમાં કંપનીની કોઈ જામીનગીરીને જાહેર જનતામાં ભરણા માટે મૂકવા ઉપર પ્રતિબંધહોય.

મહત્વની લાક્ષણીકતાઓ:

i. **મૂડી:** ઓછામાં ઓછી મૂડીની જોગવાઈ નથી.

ii. **સભ્યોની સંખ્યા:** ઓછામાં ઓછા ૨ વધુમાં વધુ ૨૦૦

iii. શેરની ફેરબદલી: ખાનગી કંપનીમાં શેરની ફેરબદલી પર નિયંત્રણ

iv. **"પ્રાઈવેટ લિ." શબ્દ:** કંપનીના નામની પાછળ **પ્રાઈવેટ લિ. શબ્દ જરૂરી**

v. **કંપનીનું રૂપાંતર : ખાનગી કંપનીનું જાહેર કંપનીમાં રૂપાંતર કરવા ટ્રીબ્યુનલની પરવાનગી જરૂરી નથી.**

vi. **ડાયરેક્ટરની સંખ્યા: ખાનગી કંપનીમાં સ્વતંત્ર ડાયરેક્ટર જરૂરી નથી. ઓછામાં ઓછા બે ડાયરેક્ટર.**

vii. **આર્ટીકલ્સ ઓફ એસોસિએશનમાં ફેરફાર બધા સભ્યોની મંજુરી જરૂરી**

viii. **વાર્ષિક હિસાબો: સામાન્ય સભામાં શેરહોલ્ડરો સમક્ષ વાર્ષિક હિસાબો રજુ કરવા જરૂરી નથી**

ix. **જાહેર જનતા પાસેથી ડિપોઝીટ ઊભી કરી શકે નહી.**

x. **કરાર રજિસ્ટડ ઓફીસ: ખાનગી કંપનીમાં કરાર રજિસ્ટડ ઓફીસમાં રાખવા જરૂરી નથી**

**6.** જાહેર કંપની **(Public Company)** (કલમ ૨ (૭૧)**]:** અમલની તારીખ: **12/09/2013**

કંપનીધારો, ૨૦૧૩ની કલમ ૨(૭૧) પ્રમાણે 'જાહેર કંપની'ની વ્યાખ્યા નીચે પ્રમાણે છે "જાહેર કંપની એટલે એવી કંપની કે જે—

(અ) ખાનગી કંપની નથી,

(બ) નિયત કરવામાં આવેલ ભરપાઈ થયેલી શેરમૂડી ધરાવતી હોય,

પરંતુ એવી જોગવાઈ કરવામાં આવે છે કે જે કંપની, ખાનગી કંપની ન હોય તેવી કંપની- ગૌણ કંપની હોય તેને આ કાયદાના હેતુ માટે જાહેર કંપની ગણવામાં આવશે , પછી ભલે આવે ગૌણ કંપની તેના આર્ટિકલ્સમાં ખાનગી કંપની તરીકે ચાલુ રહેલ હોય."

અગત્યની જોગવાઈઓ:

(૧) કંપનીધારો, ૨૦૧૩ની કલમ ૨(૭૧)માં જાહેર કંપનીની વ્યાખ્યા એટલે કે જે ખાનગી કંપની નથી, તે જાહેર કંપની છે. એટલે જાહેર કંપનીની વ્યાખ્યા કરવા માટે ખાનગી કંપનીની વ્યાખ્યામાં નીચેનાં ત્રણ તત્ત્વોનો અમલ થતો નથી :

(અ) જાહેર કંપનીની નોંપણી કરાવવા માટે ઓછામાં ઓછા ૭ સભાસદો હો વા જોઈએ, મહત્તમ સભાસદોની સંખ્યા ઉપર કોઈ મર્યાદા મૂકવામાં આવી નથી.

(બ) શેરની ફેરબદલી પર નિયંત્રણ નથી.

(ક) જામીનગીરી ખરીદવા જાહેરજનતાને આમન્ત્રણ આપી શકે છે.

(૨) જાહેર કંપનીના ન્યૂનતમ ડાયરેક્ટરોની સંખ્યા ૩ રાખવામાં આવી છે, વધુમાં વધુ ૧૦.

(૩) **જાહેર કંપનીનું ખાનગી કંપનીમાં રૂપાંતર કરવા ટ્રીબ્યુનલની પરવાનગી જરૂરી છે.**

**(૪) આર્ટીકલ્સ ઓફ એસોસિએશનમાં ફેરફાર માટે માત્ર ખાસ ઠરાવ પસાર કરવો પડે .**

**(૫) જાહેર કંપનીમાં સ્વતંત્ર ડાયરેક્ટરની નિમણુક ફરજીયાત છે.**

(૬) **સામાન્ય સભામાં શેરહોલ્ડરો સમક્ષ ઓડીટ કરેલા વાર્ષિક હિસાબો રજુ કરવા પડે.**

**(૭) જાહેર જનતા પાસેથી ડિપોઝીટ ઊભી કરી શકે.**

**(૮) જાહેર કંપનીએ પોતાના મૅનેજિંગ ડાયરેક્ટર , પૂર્ણ સમયના ડાયરેક્ટર અથવા મૅનેજ સાથે જે કરારો કર્યા હોય તેવા કરારો કંપનીની મુખ્ય ઑફિસે રાખવા ફરજિયાત છે.**